શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

જુન - ૨૦૦૬'

## સદગતિ – દુર્ગતિ – પરમગતિ

*દિવાલ ઘરની હોય તો એ હૂંફાદાયક બને છે. પણ દિવાલ જેલની હોય તો એ ત્રાસદાયક બને છે.*

*જેલના દ્વારમાં દાખલ થવાનું હોય તો એ ઉદ્વેગ કારક બને છે. પણ ઘરમાં દાખલ થવાનું હોય તો એ આનંદદાયક બની રહે છે. પ્રશ્ન આપણાં જીવનનો છે. આપણે પોતે જ નિર્માણ કરેલ છે. દિવાલ આપણાં જીવનની આસપાસ દુધ્યાન - દુર્ભાવ, ઈર્ષા- દુશ્મનાવટની વાસનાની ઉપેક્ષાની અને ધિક્કારની અને અનુભવી રહ્યા છીએ એના જ કારણ આપણે સતત ઉદ્વેગ, હતાશા અને વ્યથા બને એવું કે આખી ને આખી એ દિવાલ તોડી નાખવાનું સત્વ કદાચ આજે આપણાંમા ન હોય પણ નાનકડાં બાકોરાઓ બનાવીને આપણે એમાં જે નાના દ્વારો ઉભા કરી શકીયે તો અચૂક જીવનમાં કંઈક તાજગીનો અનુભવ માણી શકાય. અને એ તાજગી દ્વારા ધીમે ધીમે આખીને આખી દિવાલ તોડી પાડવાનું સત્વ આપણાં અંતરમાં પ્રગટે.*

*અલબત્ત આપણું લક્ષ્ય તો એક જ હોવું જોઈએ કે દિવાલ કે દ્વાર બન્નેમાંથી મુક્ત એવી પરમગતિ આ જીવને પ્રાપ્ત થાય. પણ જ્યાં સુધી એ શક્ય નથી ત્યાં સુધી દુર્ગતિની દિવાલમાંથી સદગતિ અને પરમગતિને પામવા આપણાં પ્રયાસો અવિરત રહેવા જોઈએ.*

- સંકલન

તા. ૧૫.૫.૨૦૦૬

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ૫૬ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫.૬.૨૦૦૬ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈના પ્રમુખસ્થાને સંસ્થાની ઓફિસ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ ની પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.

૬) બંધારણ પરના સુધારા વધારા આવેલા હોય તો તે પર વિચારણા કરી તેને પસાર કરવા.

૭) ઠરાવો આવેલા હોય તો તેના પર વિચાર કરી તેને બહાલી આપવા.

૮) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૯) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૧૦) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** બંધારણ ઉપરના સુધારા વધારા જે સભ્યોને મોકલવા હોય તો તે તેઓએ લેખીતમાં મંત્રી શ્રી પ્રદીપ કડકીઆને તા. ૩૧.૫.૨૦૦૬ પહેલા પહોંચાડવા વિનંતી.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આ વર્ષે વિવિધ સમિતિઓમાં કામ કરવા ઈચ્છતા કાર્યકર્તાઓને વિનંતી કે તેઓ પોતાના નામ વહેલી તકે સંસ્થાના મંત્રી પ્રદીપ પ્રવીણચંદ્ર કડકિયાને પહોંચાડી દે જેથી તેના પર વિચાર કરી અમલમાં મુકવા સરળતા પડે.

***મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ***

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૩ | ૧૪-૬-૨૦૦૬ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

*

મંત્રી : પ્રદીપ કડકીઆ
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

*

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


## Every day - Thanks giving day

**તંત્રી સ્થાનેથી**

કેટલો સમય છે મારી પાસે ડૉક્ટર ? થડકતાં અવાજે આશુતોષે ડૉક્ટર દેસાઈને પુછ્યું. પેટનો મામુલી દુખાવો એને જીવનના અંત સુધી લઈ જશે એવી આશુતોષને કલ્પના પણ ન હતી. એસીડીટી, અપચો સમજીને આર્યુવેદીક દવાઓ, પરેજી, યોગાસન વગેરે દેશી ઉપાયો અજમાવ્યા પછી પણ દુખાવો દુર ન થતાં મિત્રે એન્ડોસ્કોપી કરાવવાની સલાહ આપી. અને પછી તો ચેકીંગના ચક્કરો વધતા ગયા. બે મહિના પછી આજે ડૉક્ટર દેસાઈએ આખરી રીપોર્ટ આશુતોષને સંભળાવ્યો ‘‘બહુમોડુ થઈ ગયું છે આશુતોષ. આંતરડાનું કેન્સર ઘણું ફેલાઈ ગયું છે. કીમો થેરાપી દ્વારા આપણે એને ફેલાતાં થોડુંક અટકાવી શકશું. પરંતુ.....’’ આશુતોષે ફરીથી આક્રોશથી પુછ્યું કેટલો સમય છે મારી પાસે ? છ થી નવ મહિના ડૉક્ટર દેસાઈએ કહ્યું પછી આનું શું થઈ શકે, પીડા ઓછી કેવી રીતે કરી શકાય. ચમત્કાર થઈ શકે વગેરે વગેરે વાતો ડૉક્ટર કરી રહ્યા હતાં પરંતુ એમાનો એકપણ શબ્દ આશુતોષના કાને પડતો નહતો. કંઈપણ બોલ્યા વગર શુન્ય મસ્તક આશુ કલીનીકની બહાર નીકળ્યો અને ચુપચાપ રસ્તા ઉપર ચાલવા લાગ્યો. આજુબાજુનો ટ્રાફીકનો, લોકોનો, ફેરીયાઓનો અવાજ પણ આશુને સંભળાતો ન હતો. એના મગજમાં ‘છ મહિના’

ડૉક્ટર દેસાઈનો અવાજ પડઘાતો હતો. દિશાહીન ચાલતાં ચાલતાં થાકીને એ રસ્તા ઉપરની એક બેન્ચ ઉપર બેસી પડયો. વિચારો વિચારો વિચારો ૫૦ વર્ષના આશુતોષની નજર સામે જાણે થોડી જ વારમાં પાછળના ૫૦ વર્ષો પસાર થઈ ગયા. બાળપણ, સ્કુલ, કૉલેજ, એન્જીનીયરીંગ કૉલેજ, નોકરી, મિત્રો, મા-બાપ, ભાઈ, સંધ્યા સાથેના લગ્ન, બીઝનેસ, દીકરો નીલપ, દીકરી પલક એના લગ્ન એની વિદાય અને હવે આ બધાના જીવનમાંથી મારી વિદાય. સંધ્યાના ફોનની રીંગથી જાણે એ સપનામાંથી જાગી ગયો. આવું છું થોડીવારમાં કહીને એણે ફોન કાપી નાખ્યો. હજી થોડી વાર એ પોતાના વિચારો સાથે એકલો રહેવા માંગતો હતો. ઘરે જઈને સંધ્યાના પ્રશ્નોના ઉત્તર આપતાં એટલું જ કહ્યું સારું છે પણ બે દિવસ આરામ કરવાનું કહ્યું છે. બે વર્ષ પહેલાં મિત્રો સાથે ચર્ચા થતી હતી કે કોને કેવું મૃત્યુ ગમે. પ્રકાશે અચાનક ઉંઘમાં જ મૃત્યુની ઈચ્છા બનાવેલી. અમીતે પોતાના ફેમીલી સાથે હસતાં રમતાં જ આંખો મિચાઈ જાય એવી ખ્વાઈશ કરી હતી. નરેશે વળી હિમાલયમાં જઈને સમાધિસ્થ થઈને મોત માંગ્યું ત્યારે આશુતોષે કહ્યું હતું એમ અચાનક મરવામાં શું મઝા. મૃત્યુ તો કહીને આવવું જોઈએ. આનંદ, મિલી અને કલ હોના હો ના દાખલાં પણ આપેલાં, એને ક્યાં ખબર હતી કે એની ઈચ્છા ભગવાને મંજૂર કરી દીધી છે. આજે ભગવાને કહ્યું છે, લે આશુતોષ જીવી લે આ છ મહિના તારી રીતે. આશુને છેલ્લે જોયેલી બ્લફ માસ્ટર યાદ આવી ગઈ. કેટલાં યાદગાર દિવસો હતાં એની ૫૦ વર્ષની જીંગદીના ? ૨૫-૩૦ ? તો અહીં તો ભગવાને છ મહિનામાં પુરી છ જીંદગી જીવવાનો મોકો આપ્યો હતો. સંધ્યા સાથે એક સુખી લગ્ન જીવન વીતાવ્યું હતું. બાળકોનો સુંદર ઉછેર કરીને સારા સંસ્કારો અને હોંશિયારીનો વારસો આપ્યો હતો. મા-બાપની બધી ઈચ્છાઓ પણ પુરી કરીને સંપુર્ણ સંતોષ આપ્યો હતો. મિત્રો પણ ખુબ અને બધાનો પ્રેમ પણ ખુબ મળ્યો હતો. આશુતોષ આ બધાને ખુબ ચાહતો હતો પણ ક્યારેય એણે શબ્દો દ્વારા પ્રેમ વ્યક્ત નહોતો કર્યો. આશુતોષે નિર્ણય કર્યો મારા જીવનની દરેકે દરેક વ્યક્તિને મળીને એણે મારા જીવનમાં આપેલા ફાળા પ્રત્યે, એમના પ્રેમ પ્રત્યે, એમની હુંફ, એમની મદદ પ્રત્યે આભાર વ્યક્ત કરવો છે. બધાને થેક્સ કહેવું છે. બધાને કહેવું છે હું પણ તમને ખુબ પ્રેમ કરું છું. આઈ લવ યુ.

આશુતોષ લાંબુ લિસ્ટ બનાવવા બેસી ગયો. એને આ છેલ્લા છ મહિનામાં પોતાના મિત્રો, સગાંઓ વ્હાલાઓના 'આઈ લવ યુ'ના પત્યુત્તરમાં હસતાં ચહેરા જોવા હતા. હવે એને જીવનની મંજીલ મળી ગઈ હતી. સૌ પ્રથમ એણે ઈશ્વરને થેક્યું કહ્યું.

આશુતોષના છ મહિનામાં થી હજી પાંચ મહિના બાકી છે એ મિત્રોને મળવામાં પોતાનું દર્દ ભુલી ગયો છે અને બધાએ એને એટલો જ સુંદર પ્રતિસાદ આપ્યો છે.

મિત્રો, દરેકને આશુતોષની જેમ છ મહિનાનો સમય નથી મળતો. રાહ જોવામાં ક્યારેક આપણી તો ક્યારેક આપણા મિત્રની જીંદગી ટુંકી પડી જાય છે. કદાચ આ વિચારીને જ ડાહ્યા માણસોએ થેક્સ ગીવીંગ ડે, મધર્સ ડે, ફાધર્સ ડે, ફ્રેન્ડશીપ ડે ની શરૂઆત કરી હશે. જો કે સીસ્ટર્સ ડે (રક્ષાબંધન) અને બ્રધર્સ ડે (ભાઈબીજ) તો આપણી જ શરૂઆત કહેવાય અને ફાધર્સ ડે ને મધર્સ ડે આપણી સંસ્કૃતિમાં રોજ ના ગણાતા.

આપણે આવા દિવસોની રાહ શું કામ જોવી. જ્યારે પ્રેમ આવે ત્યારે શું કામ વ્યક્ત ન કરવો ? એક સુંદર કાર્ડ, એક ફુલ, એક હુંફાળો સ્પર્શ, માથા

*ઉપર ફરેલો હાથ, એક પ્રેમાળ સ્મિતની સાથે આઈ લવ યુ કે થેંકસ ફોર એવરીથીંગની આપ લે પણ શું કામ ન કરવી. જો આવા મોકાઓ ચુકતાં જઈશું તો પછી મિત્રોની કે સગાંની શોક સભામાં 'વી મીસ યુ' કે 'વી લવ યુ' કહેવાં જવું પડશે. પણ એનો પ્રતિસાદ ? એ ક્યાંથી મળશે ? કાંઈ નહી નવી શરૂઆત આજથી કરીએ. કાલની ભુલ પણ સુધારી લઈએ.*

*આશુતોષની જેમ જ આપણાં દલાલકાકા છેલ્લા વરસથી પોતાનો અંત જાણતા હતાં. બહાર નહોતું નીકળી શકાતું છતાંપણ ઘરે બેઠા લોકોની ખુશી માટે કાર્યક્રમોનું આયોજન કરતાં હતાં. એમને મન લોકોની ખુશી જ પોતાની ખુશી હતી. જ્યોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે મૃત્યુનોંધની યાદી પણ તેઓ દર મહિને મોકલતાં હવે એ યાદીમાં એમનું નામ પણ સામેલ થશે. એમના જીવતાં તો આપણી કહી ન શકયા કે Thank You પણ જ્યોતિપુંજ સાંસ્કૃતિક મંડળ, નાના-નાની પાર્ક, અન્ય સંસ્થાઓ અને સૌ સગાંઓ અને મિત્રો વતી દલાલ કાકાને આજે કહી જ દઈએ We love you Dalal Kaka for every happy moments you shared with us. We will Miss you.*

**- નિખિલ પરીખ**

* * *

---

## બેની તારે આંગણે

જીંદગીનો લાભ છે. અંતરમાં ઉલ્લાસ છે
બેની તારે આંગણે આનંદ અપાર છે
નાથદ્વારથી ધજાજી પધાર્યા છે અવસર રૂડો છે
બેની તારે આંગણે ઉત્સવ ઉજવાય છે
શ્રીજીબાવા પધાર્યા છે મહાપ્રભુજી આવ્યા છે
બેની તારે આંગણે જુમનાજી લહેરા છે.
ધોળ ગવાય છે ભજન ગવાય છે
બેની તારે આંગણે વૈષ્ણવો ઉભરાય છે
ઝારીજી ભરાય છે. સ્પર્શ કરાય છે
બેની તારે આંગણે કીર્તનીયા ગવાય છે
કૃષ્ણ જન્મ થાય છે મટકી ફોડાય છે
બેની તારે આંગણે જન્માષ્ટમી ઉજવાય છે
બુંદી બનાવે છે મીસરી ધરાવે છે
બેની તારે આંગણે પ્રસાદ વહેંચાય છે
ફૂલ મંગાવે છે આસોપાલવ મંગાવે છે
બેની તારે આંગણે તોરણીયા બંધાય છે
રસીયા ગવાય છે અબીલગુલાલ ઉડાડે છે
બેની તારે આંગણે હોળી ખેલાય છે
ગરબા ગવાય છે રાસ રમાય છે
બેની તારા આંગણને વૃંદાવન બનાવાય છે
ગુલાબજળ છંટાય છે અત્તર છંટાય છે
બેની તારે આંગણે સુવાસ ફેલાય છે
તિલક કરાય છે જે જે શ્રી ગોકુલેશ બોલાય છે
બેની તારે આંગણે ઓચ્છવ ઉજવાય છે

**- અમીતા અજીતકુમાર પરીખ**

# વૈષ્ણવ જન તો કોને કહિયે....



- *સુનીલ*

**ભ**ક્ત કવિ નરસિંહ મહેતા રચિત આ ભજન નાનપણથી અમારી ન્યુ ઈરા સ્કૂલમાં સાંભળતા હતા પણ આજ સુધી તેનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કર્યો નહતો. હમણાં એક નાની પુસ્તિકા મળી તેમાં તે ભજન હતું ને ગણગણવાનું મન થયું. આ ભજન ગાતા તેની છેલ્લી પંક્તિ સ્પર્શી ગઈ. કવિ કહે છે તેવા વૈષ્ણવના દર્શન માત્ર આપણી  ઈકોતેર પેઢી તર્યા બરાબર છે. પ્રશ્ન એ છે કે જ્યાં મા બાપનું કરતા નથી ત્યાં ઈકોતેર પેઢીની ક્યાં વાત કરવી. કવિ ને તો કલ્પનામાં રાચવું છે, ને પાછા ભગત. એમને શું ખબર પડે કે સંસારમાં રહેવું ને પાછું સારી રીતે રહેવુ હોય તો આપણી ચિંતા કરો, ઈતોકેર પેઢીની સંભાળ ઈ રાખશે.

આપે આ ભજન ઘણીવાર સાંભળ્યું હશે તો આજે તેનો અનર્થ મારી દ્રષ્ટિએ કરીએ. કવિ કહે છે કે વૈષ્ણવ જન તો તેને કહિયે જે પીડ પરાઈ જાણે રે. વાહિયાત વાત કરે છે કવિ. આજના જમાનામાં જીવીને કહ્યું હોત તો જરૂર માનત. અહિંયા પોતાની જ પીડાનો અહેસાસ નથી થતો ત્યાં પારકી પીડાની ક્યાં વાત કરવી. આજનો માનવી પીડાથી ઈમ્યુન થઈ ગયો છે. સવારના ૯.૩૦ની લોકલ પકડી બોરિવલીથી પાછા ફરી મરીનલાઈન્સ ઉતરીને સમય હોય તો ચાલતા નહી તો શેરે એ કેબમાં રૂપિયા પાંચનું નાહી નાખી પરસેવે રેબઝેબ દુકાને પહોંચવાની ઉતાવળમાં પોતાની જ પીડા ભુલાઈ જાય ત્યાં પારકાની ચિંતા ક્યાં કરવી????

કવિને ક્યાં ખબર છે સ્ત્રી ધણી ને પીટતી હોય, દિકરો બાપની ધુલાઈ કરતો હોય કે પછી વહુ સાસરુ પર સરાસરી જમાવતી હોય તોય તે પીટાનારની પીડાથી અજાણ થઈને જીવવું પડે છે. ભુલમાં માહ્યલો વૈષ્ણવ જાગવાનો પ્રયત્ન કરે તો આ દુનિયા તેને યવન કરી મુકે. જેણે જાતે પીડા ભોગવી છે તેવો માનવ પણ આજે પારકી પીડાને સમજી શકતો નથી. લોકલ ટ્રેનમાં જગ્યા દેખાતા ચીલ ઝડપે હડપ કરનારો ભુલી જાય છે કે તેની જગ્યાની જરૂર બાજુમાં ઊભેલ ઉંમરવાન વ્યક્તિને વધુ છે. આતો નાનો સ્વાર્થ છે કારણ તે જણ પણ આખો દહાડો પીસવાનો જ છે. ઘણા એવા છે જે બીજાની પીડા સમજવાની તો દૂર ઉપરથી પીડા પહોંચાડવાનો પાશ્વિક આનંદ લૂંટે છે. નિસહાય વ્યકિત પર તો માનસિક એવમ શારિરીક બળાત્કાર, નિર્બળ વ્યકિતનો સામાજીક બળાત્કાર, કોઈ ને તેના ભુતકાળનો ભુલોના ચાબખા મારવાનો આનંદ, રસ્તે ચાલનારાના પગ તળે કેળાની છાલ સરકવાનો આનંદ. કવિના સમયે સુરા હર ગલી ના નાકે નહી મળતી હોય આજનો માનવી પીડાને ગલી ને નાકે ઓન ધ રોક્સ પી જાય છે.

કવિ આગળ કહે પારકા પર કરેલા ઉપકારને ભૂલી જાય છે આ વૈષ્ણવ. તેનું અભિમાન નથી કરતો. કદાચ કવિના સમયે બોલી નહી બોલાતી હોય, તકતી નહિ મુકાતી હોય. આજનો જણ તો જણનારી પર ઉપકાર કરતો હોય તેમ વર્તે છે. પોતાની કે પત્નીને કે પછી મા-બાપની તક્તિ તો લગાવવા દો. ઘરઘાટી ને જમવામાં બે રોટલી વધુ આપીએ છીએ, દુકાનમાં પણ ઘાટીને યુનીયનના ઠરવેલ પગાર આપીએ છીએ અને આ બધુ કરતા પણ મનમાં અભિમાન નથી

લાવતા. રસ્તે આવતા દરેક મંદિર આગળ માથુ નમાવિયે છીએ. ભગવાન પર ઉપકારની ભાવના નથી પણ આ ફાસ્ટ યુગમાં તેને પણ ભુલતા નથી ને તેનું પણ અમને અભિમાન નથી. આજના યુગ પ્રમાણે જે વ્યક્તિ તુલસીની કંઠી પહેરે ને તિલક કરે તેને વૈષ્ણવ કહેવો જોઈએ.

કવી કહે છે સકળ લોકમાં સૌને વન્દે નિંદા ન કરે કેની રે. આજે આપણે સૌને વંદન કરીએ છીએ, ભલે તે સેલ્સ ટેક્સમાંથી હોય, ઈન્કમ ટેક્સમાંથી હોય, કામદાર યુનિયનનો લીડર હોય એને નમવામાં વાંધોય શું જો આપણને ફાયદો થતો હોય તો. આજે તો ઓક્ટ્રોયવાળાથી એક્સાઈઝવાળા સુધી બધાને નમીએ છીએ. ગુમાસ્તા થી લઈને એકાઉન્ટન્ટ સુધી બધાને નમવુ પડે. આજના યુગમાં આગળ આવવા આ બધું કરવુ પડે. કવી હવે લખે છે નિંદા ના કરે કેની રે... કોની પાસે સમય પણ છે નિદાં કરવાનો. દિલની ભડાસ બહાર કાઢીએ એ કાંય નિંદા થોડી કહેવાય. દિલની વાત દિલમાં રાખીયે તો ડાયાબિટીસ ને બ્લડપ્રેશરના દર્દી થવાય અને નિંદા કોણ કરે છે આતો સાચી વાત કહેવાની વૃત્તિ. જન્મે વૈષ્ણવ હોવાને નાતે બને તો એકવાર દ્વારકાધિશના દર્શને જઈએ. હવે બધા રૂપિયા ૧૧/- ની ભેટ મૂકતા હોય ને એક જણો ના મુકે ને તેણે તે પત્નીને કહ્યું તો શું નિંદા થઈ? પત્નીને કહેવું પડે નહિ તો પાછી તે કહેશે કે તમે તો મને કશુંય કહેતા નથી. નિદાં નથી કરતા. ટાઈમ પણ ક્યાં છે. આતો જોઈને જીવ બળી જાય એટલે બોલાઈ જાય છે. બાપાને દિકરાઓ ઘર ને ખુણે ગોદા મારે ને તે બાપાથી બહાર બોલાઈ જાય તે પીડા હતી પણ તે વાત બીજા ને મોઢેથી ત્રીજાના કાને જાય ત્યારે બે ઘડી આનંદ લેવાનો આશય હોય કાંઈ નિંદા નહી. પુરુષને બળબળતો તાપ બહારથી ને ભડભડતી ચિંતા અદંરથી દઝાડતી હોય, સ્ત્રી ઘરે રંજાડતિ હોય ને બાપડો કાંઈ બહાર બોલી બેસે તો કાંઈ નિંદા ન કહેવાય.

કવી આગળ કહે છે વાછ કાછ મન નિશ્ચલ રાખે.... આજના યુગમાં જેને આપણા સંત સમજીએ છીએ તેમની વાણિ કે વર્તનમાં નિશ્ચલતા નથી ભાસતિ. હા નિશ્ચલતા સર્વે ન સ્વાર્થ મા અભિભૂત થાય છે. વૈષ્ણવ કરવાના ઉત્સાહમાં એક બાજુ કિરિટભાઈ છે ને બીજી બાજુ આપણા વલ્લભકુળના બાળકો. કોર્ટ કચેરીમાં તેમની નિશ્ચલતા ને તેમને માનવાવાળા લાઠી ને કાઠી વડે તેમા વધારો કરે છે. એવુ જ આપણા સામાન્યજનનું છે. જ્યાં અહમ આવે ત્યાં આપણે પણ વાણી ને વર્તનની નિશ્ચલતા દેખાડીએ છીએ. આપણા હક્કની બાબતે અડગ નિશ્ચલતા જ્યારે સમુદાય ના હક્કની વાત આવે તો નિશ્ચલતા પોતા પૂર્તી સમિતિ રાખી વૈષ્ણવ થવાનો પુરો પ્રયાસ કરીએ છીએ. કવી ને શું છે? તાનપુરો જ વગાડવાનો હતો ને, આપણી જેમ ધંધો કરતા હોય તો ખબર પડત કે નિગોશિએશન અને કોમ્પ્રોમાઈસના જમાનામાં નિશ્ચલતા એ અવગુણ છે. વાણી વિલાસનો જમાનો છે. વર્તનમાં નર્તન પણ કરવા પડે. ક્યાંક સાંભળ્યું છે કે વાણીયાનો એક પગ આગળ ને બે પાછળ હોય. જ્યાં એક પગે ઊભા રહેવાની જગ્યા ન હોય ત્યાં નિશ્ચલતા દાખવવી મુશ્કેલ નહિ અશક્ય જ છે. સ્ત્રી સોલિટેરની માંગણી કરે ત્યારે હા કહેતી વખતે મનમાં નિશ્ચિત છે કે કાંઈ ગાંડા થવાય? આવા ખર્ચા કરાય? ઘરાકને જે નિશ્ચલતાથી આપણે ડુપ્લીકેટ માલ પધરાવિએ છીએ એ જોતા આપણે વૈષ્ણવની નિશ્ચલતા જરૂર દાખવિએ છીએ. સંસારના રંગમંચ પર વાણી ને વર્તનની નિશ્ચલતાની વાતો વાહિયાત છે. આપણે ભગત કવિ જેવા

નસીબદાર પણ ક્યાં છીએ કે મામેરાની ચિંતા કૃષ્ણ કરે. ઈશ્વર પણ આટલી ફાટ ફાટ થતી વસ્તીમાં કોનું કોનું ધ્યાન રાખે. આજના સમયાનુસાર એવો ફતવો બહાર પાડવો જોઈએ કે વૈષ્ણવ બાળકોને વાણી વર્તનમાં નિશ્ચલતા દાખવવી જરૂરી નથી.

આપણામાંથી ઘણાંને થશે કે મારી ડાગળી તો નથી ચસ્કી ગઈ? આજે હાર્ટ અટેક, મેન્ટલ સ્ટ્રોક (ઘણાને મેન્ટલ બ્લોક હોય છે તે અલગ)ની વ્યાધી વચ્ચે ડાગળી ચસ્કે તો વાંધો નહિ કારણ ડાગળી ચસ્કે તોય પાંગળા ના થવાય. કવી એવું ઘણું કહે છે કે જે સમજાતુ નથી. હવે કહે છે સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી મહેતા વૈષ્ણવની વ્યાખ્યા કરે છે કે જૈનની તે નથી સમજાતુ. આજકાલ જૈન સાધુ સંપ્રદાય પણ ક્યાં તૃષ્ણા ત્યાગે છે. ત્યાગમૂર્તિ સમા સાધુઓ પાસે એટલી સંપત્તિ છે જેની ખેવના સંસારી માણસ કરે. જૈન મૂનીના પૈસાનો વિહવટ કરવાની ખેવના તેમના શ્રાવક ગણ કરે છે. સૈયદાના સાહેબ તેમના સમાજ પાસેથી વધુ જકાત વસૂલ કરવાની ખેવના કરે છે. મ્યુનિસિપાલિટી વેપારી પાસેથી વધુ ઓક્ટ્રોઈની ખેવના કરે છે. કર્મચારી વધુ પગાર ને ઓછા કામની તૃષ્ણા કરે છે. અમે માટલા ને બદલે પેકેટ પાણિની તૃષ્ણા કરીએ. ઉફ્ફ આ તૃષ્ણાનો કોઈ અંત નથી તો ત્યાગવાનો પ્રશ્ન ક્યાંથી આવે. હા જ્યારે નથી મળતુ ત્યારે જરૂર ત્યા વૃત્તિ જોર પકડે છે. સવારે દુકાને આવો ને બેન્ક પાસ બુક જોતા જણાય કે રૂપિયા ૨ લાખ ખુટે છે તો શું તે તૃષ્ણા કહેવાય? કઈ કઈ તૃષ્ણા ત્યાગવી, કોને તૃષ્ણા કહેવી? નરસિંહ મહેતા વૈષ્ણવ આઈડલ બનવાના નિયમો બતાવે છે પણ તેમને ક્યાંથી ખબર હોય કે આજ કાલ વધુ એસ.એમ.એસ. કરાવી આઈડોલ થવાય.

કવી આગળ કહે છે, પર સ્ત્રી જેને માત રે. ગાંધીજી કસ્તુરબાને બા કહેતા પણ આજકાલ તો ઘણા પોતાની પત્નીને જગદંબા કહે છે. જાહેરમા ન કહેતા હોઈ તો બંધ દરવાજે સૌ તેની આરતી ઉતારતા હોય છે. ને તે આરતીની આંચથી અજાણતા ગામ જલાવતા હોય છે. ઘરમાં સ્ત્રીને મા માનવાળો બાપડો પુરુષ પછી ગામ આખાની સ્ત્રીને પણ મા કહે? એમને એમ મફતલાલના ઘર જેવી સામાન્ય માણસના ઘરોમાં થાય છે? એમને એમ ડાન્સબારવાળા હાઈકોર્ટમાં કેસ જીતી જાય છે? જેનું પોતાની સ્ત્રી આગળ ચાલતુ નથી તે પુરુષ પરસ્ત્રી આગળ તો પોતે પુરુષ હોવાનો અહંકાર પોષેને. કાં તો પછી પોતે પુરુષ છે તેવો સંતોષ પણ તૃષ્ણા સમજી ત્યાગી દે. એટિકેટને બહાને એન્ટીક્વીટીમાં ડૂબી જાયે. સીધા પગે ઊભો ના રહેનાર આ પુરુષ કદાચ પરસ્ત્રીને પણ માત કહે.

કવીએ વૈષ્ણવ બનાવાના કેટલા બધા કપરા નિયમો દેખાડયા છે. મને લાગે છે તેમને પેલી પરશુરામવાળી કરવાનો ઈરાદો હશે. તેમના હિસાબે કોઈ તિલકધારી કે કંઠીગ્રસ્ત વૈષ્ણવના કહેવાય. ને ધીરે ધીરે તો હદ્દ કરે છે. કહે છે જીભથી અસત્યના બોલે, પરધન નવ ઝાલેહાથ રે....કવીના સમયમાં ચિત્રપટ નહોતો પણ ભવાઈ થતી હતી. તેમા કદાચ હાથની સંજ્ઞા થતી હશે. જીભથી અસત્ય ના બોલનારા કદાચ એક ગાંધીજી થઈ ગયા બાકી દરેક મૂક વ્યક્તિ વૈષ્ણવ થઈ શકે. સવારે વહેલા ઊઠો ત્યારેથી ઉઠાય તો કેમ વહેલા ઊઠયા ને મોડા ઊઠયા તો કેમ મોડા ઊઠયા ને તેવા એકધારા તોપના મારા જેવા સવાલોના સત્ય જવાબ આપવા અશક્ય છે. આ મારો સ્વાનુભાવ છે. કદાચ એવો સ્વભાવ છે કારણ ઘણી વખત

ધર્મરાજની જેમ નરોવા કુંજરોવા કરવાના યત્નમાં મોમાં મગ ઓરી રાખીયે પણ કેટલો વખત? આજાણતા આપણે સૌ બીજા પાસેથી સત્યની અપેક્ષા રાખીયે છીએ. શું કરીયે જન્મે વૈષ્ણવ છીએ તોયે અસત્યનું આચરણ પોતાનાની જોડે કરવાનું પાપ પણ કરીએ છીએ. કવી સમજતા નથી કે અગર દરેક જણ સત્યજ બોલે તો આ ધરતી પર ફક્ત વૈષ્ણવો જ હોત તો પછી આ સર્વ ધર્મ સમભાવની ભાવનાનું શું? માટે અસત્યનું આચરણ આ ભાવના જીવંત રાખવા સારુ પણ ચલાવી લેવું જોઈએ. કવી માટે કહેવું સહેલુ છે, તેઓ તો કિરતાલ વગાડતા ભજન ગાતા હતા. તેમણે કદાચ પ્રભુને જોયા હશે માટે તેમના ગુણગાન ગાય છે તેમા સત્ય હશે પણ મેં તો પ્રભુને જોયા નથી ને છતાંય તેમના ગુણ ગાઉં છું તો શું અસત્યનું આચરણ કરું છું?? આ સંસાર આમેય સળગતા કાકડા જેવો છે પછી જ્યાં ત્યાં સત્ય બોલી ઘાસલેટ નાખવાની હિંમત ક્યાં છે? આપ વાંચનાર શક્ય હોય તો સાચુ કહેજો હું કાંઈ ખોટું બોલ્યો? બાકી ખોટુ હોય છતાંય આપ વાહ વાહ કરવા અસત્ય બોલશો તો ચાલશે. આપણને અસત્યનો જરાએ છોછ નથી. આપણે ક્યાં મહેતા છીએ. કવીને વખતે બેંકો ન હતી માટે તેમને ક્યાંથી ખબર હોય કે ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ એટલે શું, નહીં તો ના કહેત પરધન નવ ઝાલે હાત રે. પરધન હાથેથી નહિ તો શું ચીપીયાથી ઝલાય? ને ચીપીયેથી ઝાલ્યું હોત એ પારકુ ધન તો આપણા ધીરૂભાઈને તેમના દીકરાઓએ વૈષ્ણવ સમાજ સારુ આટલુ કામ કરી શક્યા હોત? માના ઉદરમાંથી ખાલી હાથે આવનાર વૈષ્ણવથી પોતીકું કહેવાય તેવું શરીર પોતાથી ઝલાતુ નથી. આર્ટીફીશિયલ જોઈંટ, દાંત મા ફીલીંગ, આંખે ડાબલા જેવી જણસો માટે રૂપિયા જોઈએ તે ક્યાંથી આવે? થોડા નસીબદારોને વારસમાં પાંચ પંદર કરોડ મળે કાં તો પછી સુભાષ ગોયલની જેમ લોટ્ટોમાં મળેતો બાકી પારકાનું પોતીકું કરવામાં જન્મારો નીકળી જાય છે. આમેય હવે ક્યાં ધનને હાથેથી ઝાલવાનું રહ્યું જ છે. પાનના ડાઘ, લોકોના થૂંકને અબળાઓના લોહીથી ખરડાયેલ નોટો ધગધગતા લાવાથી કમ નથી. રોકડી ઘરમાં રાખો એટલે ઘરવાળીથી ઘાટી સુધી બધાની નિયત પર અણુબોંબ ઝીંકવા બરાબર છે. આપણે પારકાનું ધન ઝાલવા જઈએ ને આપણું બીજુ કોઈ સરકાવી જાયે. ભલુ થજો આર.આર.પાટીલનું જેણે ઘણા ના ધન ને પાનખર ના પાનની જેમ ડાન્સબારોમાં ખરતા અટકાવ્યા. કદાચ કવી આજે હયાત હોત તો એમ કહેત પારકાનું ધન ના ઝલાય પણ પારકા ધન વેરાય માટે પાટિલ સાહેબ અમારા વૈષ્ણવ હોવાના હક્ક પર તરાપ મારી છે. આજના કોમ્પેટેટીવ વાતાવરણમાં ધંધામાં સરસાઈ મેળવવા પારકું ધન (લોન) ના લઈએ તો કેમ કરીયે. લોન લેવા સાચા ખોટા હિસાબ આપીયે, વૃધ્ધ અને વિધવાના પૈસા રાખીયે ને બે પૈસા કમાઈએ તો શું વૈષ્ણવ મટી જઈએ? અગર ખોટ ખાઈયે તો જ કદાચ પૈસાના આપી શકીએ. બાકી એમ થોડા વૈષ્ણવ મટી જઈએ? હવે લખતા લખતા હાથ દુઃખ્યા પણ કવીના ભજનનો અર્થ (કે અનર્થ) કરવાની તૃષ્ણા જરાયે કમ નથી થતી. મોહમાયા વ્યાપે નહીં જેને દ્રઢ વૈરાગ્ય જેના મન માં રે કહેતા તો કીધુ પણ જ્યારે પ્રભુએ કુંવરબાઈનું મામેરુ મોકલાવ્યુ ત્યારે સ્વીકારી કેમ લીધુ? સંસાર અસાર છે તે કદાચ પાછલા જન્મોના કર્મે જાણ્યુ હશે તેથી જન્મતાની સાથે ન રડવાનો નિર્ધાર

કરેલો પણ મોહમાયા રૂપી ડૉક્ટરે ટપલા મારી મારી માયાનો વ્યાપ દેખાડી દીધો. ઘરે રાતના તળેલા ભજીયા ખાવાનો મોહ, ધંધામાં ત્વરિત લાભનો મોહ, બાળકો વગર ટ્યૂશને સારા માર્ક લાવે તેનો મોહ. કાંઈ કેટલા લોભ અને મોહ અહિંયા આપણને ઘેરીને ઊભા છે. આખી દુનિયા મા માયારૂપી ઈન્ટરનેટ વ્યાપ્યુ છે. પિતા તેની માયામાંથી મુક્ત થાય ત્યાં પુત્ર કે પુત્રી તેની માયામાં લપેટાઈ જાય. આ માયાવી સંસારમાં આપણે સર્વે ડૂબી ગયા છીએ. દ્રૌપદીએ માયાવિ સુષ્ટી રચવી, ને મહાભારતનો મહાસંગ્રામ થાવો, શ્રી કૃષ્ણનું યુગપુરુષ થાવું, ને નરસિંહ મહેતાએ તેમના ગુણ ગાવા, ને તોજ મારા જેવા પામરો તેમના ભજનનો અનર્થ કરવાના પ્રયાસમાં ગુંથાય. પ્રભુને પામવા નવો માર્ગ પણ ઘણો માયાવિ. અરે પ્રભુ પોતે કેટલો માયાવી. શ્રી ને શક્તિ તેની પાસે ને છતાંયે કેટલે રૂપે અનંત ભાસે. એના દર્શનની આશાએ આપણે પુછતાંજ રહિયે મેરા નંબર કબ આયેગા છતાંય તે આપણને નથી મળવાનો તેવા વૈરાગ્ય કેળવવો પડે. વૈરાગ્ય એટલે શું ઘરના બીજાઓની નીંદર ના બગડે માટે આપણે સૂરમાં સવારના ભજન ગાવાનું છોડી દેવું? તેને નિતનવા સાજ ધરવાના અરમાન છોડી દેવા? શું શું છોડી દેવું? આ જીવ તો એવો માયામા લપેટાયો છે કે ખોળીયુ છોડવાનો વખત થાય તો પણ તેનો વૈરાગ્ય નથી થતો. મસાણમાં સંસાર અસાર છે એવી વાત કરનારને શવના દહન પહેલા ગલીમા જઈને ચા ની ચૂસ્કી મારવાનો વૈરાગ્ય પ્રાપ્ત નથી થાતો. તિલકાયત ને ગાદીનો મોહ નથી છુટતો. આપણને તેમના ચરણ સ્પર્શનો મોહ નથી છુટતો. આજના ગુરુઓ આંખે રેબેનના સનગ્લાસ, કાંડે કાર્ટિયારની ઘડીયાળ, સોના મઢેલ દાંત, લેટેસ્ટ મલ્ટી ફન્કશન્લ મોબાઈલ ધારણ કરી આ માયાવી દુનિયામાં વૈરાગ્યના પાઠ ભણાવતા વધુ રોગગ્રસ્ત સમાજનું સર્જન કરે છે. ગુરુને વહાલા થવામાં સમાજનું શોષણ કરવામાં પાછા ના પડતા વૈષ્ણવ પોતાની કહેવાતી દરેક વસ્તુનો વૈરાગ્ય કેળવી શકતા નથી.

આગળ કવી કહે છે રામનામ શું તાળી રે લાગી....

એ નાતે અમે વૈષ્ણવ છીએ. કૂદી કૂદી ને કિર્તનીયામાં તાળીઓ પાડીયે છે, ગુટકા ખાઈને બેસૂરા બનેલા અવાજે જેવુ આવડે તેવું ગાઈએ છીએ. તાલમાં જીવન નથી તો ભજન ક્યાંથી સૂરમાં આવે. બગલા જેવા સફેદ જભ્ભા ને લેન્ધા હવે નથી પહેરતા કારણ સમાજમાં બે પૈસા છે તે દેખાડવા ડીઝાઈનર ચૂડીદાર કુર્તા, ખભે ઊપરણા ને કપાળે કંકુનો થપેડો કરીએ છીએ. જે જે શ્રી ગોકુલેશ કહિયે છીએ ને જે શ્રી કૃષ્ણ બોલનારથી કતરાઈએ છીએ. આ નરસિંહ મહેતા કૃષ્ણ ભક્ત હતા કે રામ ભક્ત તે જ નથી સમજાતું. ગોકુલનાથ, ગીરીરાજધરણ, મદનમોહન, દ્વારકાધિશ કાંઈ કેટલા નામ છે તે છોડી ને રામનામના રટની વાત કરે છે ને પાછા વૈષ્ણવ હોવાની દુહાઈ દે છે. અમે તો આઠ ગાદીવાળા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છીએ. ભલે કોઈ કહી ગયું હોય કે નામમાં શું રાખ્યું છે પણ નામ નહી સુધારો તો કદાચ ભવિષ્યમાં તમારા ભજનને અમે નહી ગાઈએ. કૃષ્ણ ભક્ત થઈને રામના ગુણગાવો તે કેમ ચાલે? કવી કહે છે કે સમદ્રષ્ટિ ને તૃષ્ણા ત્યાગી માટે તે રામનામનો મહિમા ગાતા હોય તો કોને ખબર. બાકી આજની જેમ તેમના જમાનામાં પણ ડબલ સ્ટેન્ડર્ડ હોઈ તો શક્ય છે. કહેવું કાંઈ, કરવું કાંઈ, સમજવું કાંઈને સમજાવવું કાંઈ એ ફક્ત આજની રીત હોય તેવુ ના પણ હોય. મારી જેમ તેમના ભજનનો અનર્થ કરી કાલે કોઈ તેમના ઢાળને રીમીક્સ કરી આધુનિક મીરાબાઈને ગાંધીજી જેવા નામ ના વસ્ત્રોમાં નાચતી વિડીયો સિડી બનાવશે.

કવી આગળ કહે છે સકળ તીરથ તેના મનમાં રે...... સાવ સાચી વાત છે. આપણા તીર્થની યાત્રા માનસિક કરવી વધુ હિતાવહ છે. ત્યાં જવા જેવુ પણ ક્યાં છે? અક્ષમ્ય ગંદગી. ધર્મ નામે ચાલતા ધતિંગો ચલાવી લેવાની વૃત્તી. ભગવાનના દલાલોનો હાટડો આપણને પણ સારા કહેવડાવે. મોટાઈ કરવી તો આપણો જન્મસિદ્ધ હક્ક છે. પણ બહુધા ધર્મશાળાના જાજરૂ એટલા ગંદા હોય છે કે એમને એમ પણ નાહવું પડે. મને યાદ છે અને નાના હતા ત્યારે વાડાસિનોરમાં પોતડી પહેરી જવુ પડતું ને હાથ માટીથી ધોવા પડતા. પછી શરીર પર ઠંડુ પાણી રેડીને નહાવું પડતું. આ એક કારણ બીજુ પહેલાના જમાનાં તિર્થસ્થાનો સિવાય વૈષ્ણવ બીજે ખાસ જતો પણ નહિ. છેલ્લે આજકાલ ટી.વી. તથા ઈન્ટરનેટ પર દુનિયાભરના મંદિરો તથા ગર્ભગાર મા બીરાજમાન પ્રભુના દર્શન એટલા સુંદર થાયે છે કે પાકિટ ને ચેન ગુમાવાનો ભય ત્યજી નિરાંત મને પ્રભુના આભુષણોનો અભ્યાસ થઈ શકે છે. મંદિરોમાં સંભળાય તેના કરતા શુદ્ધ આરતી ટી.વી. પર સંભળાય, શ્લોકના ઉચ્ચાર સજાય. દેવી એકતા કપૂરનો વિજય અસો કે એમણે એવી પ્રેરણાદાયી સિરિયલો બનાવી છે કે આપણે તીરથ જેવા ઘરમાં ક્યાં ધ્યાન આપીએ છીએ. હવે તો તીરથોમાં પણ સાધુબાવા ગાદી માટે ખુનામરકી પર ઊતરી આવ્યા છે. કવી ને દાદ દેવી પડે શું લાંબો વિચાર કરીને કહે છે સકળ તીરથ તેના મનમાં રે...

બસ હવે અનર્થ કરતા થાક લાગે છે. આખરી પંક્તિમાં કવી કહે છે વણલોભી ને કપટ રહીત છે. કામ ક્રોધ નિર્વાર્યો રે........... 'વણલોભી' આ વિષેશણ જીવંત વ્યક્તિ માટે હોય તો મને લાગે છે તેમા અતિશયોક્તિ છે. જીવ જતા ખોળિયાને શ્વાસ લેવાનો લોભ છૂટતો નથી. મંદિરમાંથી વધુ પ્રસાદ મેળવવાનો લોભ છૂટતો નથી. વધુ વ્યાજ ખાવાના લોભમાં મૂડી ખોવોનો મોહ છૂટતો નથી. દાની ને સેવાભાવી હોવાને નાતે માન અકરામ મેળવવાનો લોભ છુટતો નથી. ટોયોટા કોરોલ્લામાંથી ઉતરતા રસ્તે પડેલ રૂપિયો ઉચકી લેવાનો મોહ છુટતો નથી. બાપાની મિલ્કતમાંથી થોડા લાખ વધુ સરકાવી લેવાનો લાભ છુટતો નથી. પંજાબી ડ્રેસ ને પેન્ટ પહેરનારી વહુનો મરી ગયેલ સાસુના સાડલા પહેરવાનો મોહ છુટતો નથી.

કવીને કદાચ પોતાના પ્રતિબિંબમાં સાચો વૈષ્ણવ દેખાયો હશે બાકી તેમના વિચાર પ્રમાણેનો વૈષ્ણવ જોવા એક ભવ ઓછો છે. ઈકોતેર પેઢીનું કોણ જાણે શું થશે???

✣ ✣ ✣ ✣ ✣

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ


સંચાલીત


## મેરેજ બ્યુરો

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત મેરેજ બ્યુરોનુ પરિચય સંમેલનનું આયોજન **તા. ૨૩.૭.૨૦૦૬ના રવિવારે સવારે ૧૦.૦૦** કલાકે પ્રગતિ સમાજ ઑફિસ, બાલ ક્રિષ્ણ કૃપા બિલ્ડીંગ, ૪૫/૪૯ બાબુગેનુ રોડ, મુંબઈ-૨ ખાતે રાખાવાનું નક્કી કરેલ છે. છોકરા/છોકરીઓ એકબીજાને મળીને વિચારોની આપ લે કરી શકશે.

જગ્યાના અભાવે એક જ વડીલને સાથે આવવા વિનંતી. હજુ સુધી ફોર્મ ન ભર્યું હોય એવાએ ફોર્મ ભરી મોકલી આપવા વિનંતી.

*- કન્વીનર - શ્રી પરેશ આર. પરીખ (દુધવાળા)*
*(ફોન : ૨૪૯૪૫૨૫૬)*

# પ્રોસ્ટેટ ગ્રંથી અંગે જાણકારી

## ૫૦ વર્ષથી ઉપરના પુરૂષો માટે

### પ્રોસ્ટેટ શું છે ?

પ્રોસ્ટેટ એટલે પ્રજનનમાં મદદ કરતી ગ્રંથી જે પેશાબની થેલી અને મુત્રેન્દ્રીયની વચ્ચે આવેલી છે. ટેસ્ટોસ્ટરોન નામના હોર્મોને નો સ્ત્રાવ આ સોપારી આકારની ગ્રંથીને વધારે છે. આ પ્રકારની ગાંઠ ઉમંરલાયક પુરૂષોમાં સામાન્ય રીતે જોવા મળે છે. આ ગાંઠ કેન્સરવાળી અને સાદી એવા બે પ્રકારની હોય છે.

કેન્સર વગરની સાદી ગાંઠ પ્રોસ્ટેટ ગ્રંથીની મધ્યમાં થાય છે અને પેશાબની નળીમાં અવરોધ કરે છે. કેન્સરવાળી ગાંઠ ગ્રંથીની બહારની બાજુ થાય છે. જે શરૂઆતમાં તકલીફ આપતી નથી અને જાણ થાય ત્યારે સંપૂર્ણ સારુ થવાની શક્યતા ઘટી જાય છે.

**પ્રોસ્ટેટ ગ્રંથી વધવાથી થતી સામાન્ય તકલીફો**

- વારે ઘડીએ પેશાબ કરવા જવું પડે
- રાત્રે પણ પેશાબ કરવા ઉઠવું પડે
- પેશાબ આવવાની રાહ જોવી પડે
- તૂટક - તૂટક પેશાબ આવે, અને ટીપા ટીપાની માફક પેશાબ થાય
- પેશાબની ધાર પતલી અને નજીક થાય
- એકવાર થઈ ગયા પછી ફરી તરત શંકા થાય
- પેશાબમાં લોહી આવે
- પેશાબ રોકી ન શકાય

આમાંથી કોઈપણ લક્ષણો જણાય તો પ્રોસ્ટેટના ચેક-અપ માટે નીચે મુજબ તપાસ કરાવવી જોઈએ. જે સામાન્ય રીતે લગભગ રૂા. ૨૬૦૦/- થાય. આ સેમીનારમાં એપોઈન્ટમેન્ટ લેનારને આ બધા **ટેસ્ટ માત્ર રૂા. ૬૦૦/-** માં કરી આપવામાં આવશે.

૧) **પ્રોસ્ટેટ સ્પેશીફીકેશન એન્ટીજન :** આ લોહીની તપાસ કરાવવાથી કેન્સરની શક્યતાની નિદાન થાય છે.

૨) **યુટોફલોમેટરી :** સેન્સરવાળી ફનલમાં પેશાબ કરતા જે ગ્રાફ આવે તે જોઈને ડૉક્ટર તકલીફનું નીદાન કરી શકે.

૩) **અલ્ટ્રા સોનોગ્રાફી :** પેશાબ થઈ ગયા પછી પેશાબની થેલી સંપૂર્ણ ખાલી થઈ કે નહીં તે જાણી શકાય.

૪) **ડીજીટલ રેક્ટલ એક્ઝામીનેશન :** કેન્સર જેવી ગાંઠની શક્યતાની બારીકાઈથી તપાસ

૫) તકલીફોનો ચાર્ટ

**ડૉ. વિનોદ જવેરી** (MS, FCPS, MD (USA) (યુરોલોજીસ્ટ અને એન્ડ્રોલોજીસ્ટ) દ્વારા કરવામાં આવશે.

**સંપર્ક : ડૉ. વિનોદ જવેરી**, ૪૧૦, ડૉક્ટર હાઉસ, ૪ થે માળે, ૧૪ પેડર રોડ, દસલોક હોસ્પિટલ સામે, મુંબઈ - ૪૦૦ ૦૨૬ ફોન : ૨૩૫૧ ૯૧૭૯ / મોબાઈલ : ૯૮૨૦૦ ૩૯૪૨૮

**બાલાસિનોર નાગરિક સહકારી બેંક લી.**

## વાર્ષિક સાધારણ સભાની નોટિસ

આથી બેંકના તમામ સભાસદ ભાઈ-બહેનોને જણાવવાનું કે, બેંકની સને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષની ૭૮મી વાર્ષિક સાધારણ સભા ૩૦.૬.૨૦૦૬ને શુક્રવારના રોજ સવારે ૯.૩૦ કલાકે લાયોનેસ મુક્તાબેન પટેલ લાયન કોમ્યુનિટી હોલ, દરીયા મહેલ પાસે, બાલાસિનોર અહેવાલમાં દર્શાવેલ કાર્યસૂચિ એજન્ડા મુજબના કામો માટે મળશે. જેમાં સમયસર હાજર રહેવા વિનંતી.

**નોંધ :** બેંકના ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક અહેવાલ અને હિસાબો અંગેની માહિતી માટે ૩૮માં વાર્ષિક અહેવાલની નકલ સભાસદે બેંકનું ઓળખપત્ર રજૂ કરી બેંકની ઓફીસેથી મેળવી લેવી.

બેંકનું ઓળખપત્ર સાથે લાવવું ફરજિયાત છે

***મણીકાન્તભાઈ સી. કડકીયા - મેનેજીંગ ડિરેક્ટરશ્રી***

***સંચાલક મંડળની સૂચનાથી***

# વાડાસિનોર સાંસ્કૃતિક મંડળના સ્થાપક સભ્ય, સંયોજક, ઉમદા દાતા, સામાજીક કાર્યકર્તાને પુષ્પાંજલિ અને શ્રદ્ધાંજલિ

તા. ૨૨.૫.૦૬ના રોજ અવસના પામેલા શ્રી રસીકભાઈ ધારીઆને પુષ્પાંજલી અને શ્રદ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ તા. ૩૧.૫.૨૦૦૬ના રોજ સાંજે ૬ વાગે શ્રી રસીકલાલ સા.મોદી (દેવ)ના પ્રમુખસ્થાને ભવન્સના નાટયગૃહમાં રાખવામાં આવ્યો હતો.

સભાનું સંચાલન કરતા શ્રી રજની કડકીયાએ જણાવ્યું હતું કે

***જ્ઞાનનો ભાર નહીં***
***આળસનું કામ નહી***
***દિલે અમીરી અને પ્રકૃત્તિ પ્રવૃત્તિમય***
***પારકા કે પોતીકાનો ભેદ નહી***
***એનું નામ રસીકભાઈ દલાલ***

ચંદન જેવું જીવન જીવીને સુખ સહુને અર્પી ગયા. સ્નેહની હૂંફ ગઈ આંખો અશ્રુ વરસી રહી છે

આપણી અન્ય સૌ સંસ્થાઓ વતી બોલતા શ્રી મોહનભાઈ પરીખે જણાવ્યું હતું નિમિત્ત સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા હતા. તન-મન અને ધનથી સેવા આપવામાં તેઓ વિરલ પ્રતિભાશાળી સેવા આપનાર મુખ્ય હતા.

**સહયોગી સંસ્થાઓ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ/મેડીકીલ ટ્રસ્ટ
શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
શ્રી વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓપ. બેંક લી.
શ્રી બાલાસિનોર સેવા સમાજ
શ્રી કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ
શ્રી બાલાસિનોર કેળવણી મંડળ
શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ
શ્રી બાલાસિનોર દશાનીમા વિદ્યોતેક મંડળ
શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ
શ્રી બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી.

***''છત્ર ગયુ છાયા રહી, સહારો ગયો પડછાયો રહ્યો,***
***ભુલાશે નહી જીવનભર સ્મરણો આપના''***

ઉપરોક્ત પકંતિ દ્વારા મંડળના સંયોજક શ્રી પ્રવીણભાઈ દેસાઈએ શ્રદ્ધાંજલી આપતા જણાવ્યું કે સાંસ્કૃતિક મંડળના સ્થાપક સભ્યો પૈકી શ્રી પ્રવિણભાઈ દોશી, પ્રદીપભાઈ મોદી અને રસિકભાઈ દલાલને ગુમાવ્યોની નોંધ લેતા દુઃખ અનુભવીએ છીએ.

પ્રેમપુરી આશ્રમના કર્મયોગી શ્રી નટુભાઈ દેસાઈએ અંજલિ આપતા જણાવ્યું કે તેઓ પરમ દાનવીર અને ઉત્સાહી સેવાભાવી વ્યક્તિ હતાં.

શ્રી મધુભાઈ કોટકે પોતાની આગવી ભાષામાં શ્રી રસીકભાઈને અંજલી આપતા નાના-નાની પાર્કમાં અને અન્ય સામાજીક સંસ્થાઓમાં આપેલ યોગદાનની નોંધ લીધી હતી.

શ્રી રસીકભાઈના પૌત્ર શ્રી પંકિલે દાદાને યાદ કરી, દાદાએ આપેલ સંસ્કારોનું સિંચન કરવાની ખાત્રી આપી હતી. દાદાના અધુરા રહેલા કાર્યોમાં કુટુંબીજનો તરફથી સહકાર આપવાની ખાત્રી આપી હતી.

રસીકભાઈના મોટા પુત્ર આશિતે સેવાના

કાર્યોમાં સહકાર આપવાની જાહેરાત કરી હતી. આજની આ શોકસભા યોજવા બદલ સૌનો આભાર માન્યો હતો.

પ્રમુખસ્થાનેથી બોલતા શ્રી રસીકભાઈ દેવે માત્ર કુંટુંબીજન કે મિત્ર નહી પરંતુ એક વિશાળ દિલના પરોપકારી વ્યક્તિ તરીકે શ્રદ્ધાંજલી આપી હતી.

શ્રી રજની ધરીવાલાએ શોક સંદેશાઓનું વાંચન કર્યું હતું. જેમાં શ્રી નવીનચંદ્ર શાહ, મણીકાંત કડકીઆ, જીતુભાઈ શાહ, વાલકેશ્વર મહિલા મંડળ, ચંપારણ્યના પ્રણેતા, કર્મ અને ધર્મયોગી પૂ. કૃષ્ણદાસ અઠિયા અને અન્યનો સમાવેશ થાય છે.

અંતમાં પ્રમુખસ્થાનેથી શોક ઠરાવ પસાર કરીને બે મીનીટનું મૌન પાળી સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

શોક સભાની શરૂઆત શ્રી કિશોર મનરાજાના ભક્તિ ગીતોનાં કાર્યક્રમથી થઈ હતી. જે લગભગ એક કલાક ચાલ્યો હતો.

☆ ☆ ☆ ☆ ☆

## શ્રી રસિકભાઈને અંજલી

રસિકને દસ્તક દેતી આવી મૃત્યુની એ ઘડી
મોતને દેવું ગમે દસ્તક એવી જીંદગી જીવી
ચાલ્યો મૂકીને મુખ પર હાસ્ય સુરખી
'ઝગમગ'ની સાખે જીંદગીને પ્રજળાવી
રસિકે રસિક રસની છલકાવી હતી ગગરી
જીંદગી મહેકાવી સરીતા દાનની વહાવી
જીંદગીની રમત રમતાં સૌના હૃદયમાં રહ્યો રમી
સંગીની 'ઈન્દુની' જીંદગીમાં સિંદરુને શૂન્યમાં મેલી
સૌના હૃદયનો રાહગીર બની, ગુંજ એક ઝનકાવી
દીધો સંદેશ 'વહાવજો સરીતા દાનની'
મહામુલુ માનવ જીવન, જીવવાની આ છે બારી
ના આવે બારીબારી.......... ના આવે બારીબારી
માનવતાનો મોલ કરી વહાવજો સરીતા દાનની
ઝાઝું શું કહેવું'રસિકે' જીવી જાણી જીંદગી

*- ઉષાબેન શૈલેષકુમાર ધારીયા*

---

## શ્રદ્ધાંજલી રૂપે અંજલી

રતમ દેખાડી રસીકે, રમતા સૌને કરી દીધા! ગમતા સૌને થઈ ગયા, દીલમાં સૌના વસી ગયા
રસીકભાઈ, ખરેખર તમે રસીક જ નીકળ્યા, સૌને આંસુઓની ભેટ આપી, જાતે છટકી ગયા
ખારા આંસુઓનો સાગર ઉમટયો. ના, મીઠા ઝરણાનો ધોધ છલકયો
સારુ કહેવડાવવું સહેલું, પણ બનવું અઘરૂ, તેમાં પણ બાજી સુંદર રીતે સર કરી ગયા (જીમખાનાની યાદ)
લખવા માટે 'ચાંદશા' ને વિચારો ઓછા પડે! છેલ્લે, પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

*- ચંદ્રકાંત શાહ (ચટઈ) -*

*વાડાસિનોર સાંસ્કૃતિક મંડળ તથા સીનીયર સીટીજન ફ્રેન્ડસ ગ્રુપ/ચોપાટી (ના એક સભ્ય)*

